# હરાજી કરનાર (ઓક્શનિયર)

હરાજી એ એક જાહેર વેચાણ છે જ્યાં સૌથી વધુ કિંમત બોલનાર વ્યક્તિને માલ વેચવામાં આવે છે. હરાજી કરનાર/ઓક્શનિયર એ વ્યક્તિ છે જે હરાજી કરે છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે સ્વતંત્ર રીતે કામ કરવા સક્ષમ છો
- તમને નેતૃત્વ કરવું ગમે છે
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨,૦૦૦ થી ૮,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. નોટિકલ સાયન્સ / ઓફશોર એન્જિનિયરીંગ / નેવલ આર્કિટેક્ચર અને ઓશન એન્જિનિયરીંગ / મરીન એન્જિનિયરીંગ / નેવલ એન્જિનિયરીંગમાં સ્નાતક (B.Sc / BE / B.Tech )ની ડિગ્રી પૂર્ણ કરો

૩. સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Sc / ME / M.Tech )ની ડિગ્રી પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઓક્શનિયરનું માસિક વેતન રૂ. ૩૮,૦૦૦ થી ૮૦,૩૩૩* જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/auctioneer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** હરાજી ગૃહો, સરકાર દ્વારા નિયંત્રિત ઓનલાઈન હરાજી પ્લેટફોર્મ, આર્ટ ગેલેરી, કોર્ટ વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** પાર્ટ-ટાઇમ કામ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક હરાજી કરનાર → સંયુક્ત હરાજી કરનાર → હરાજી કરનાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઓક્શનિયર, ઓક્શન ઇનચાર્જ, ઈ-ઓક્શન મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**તમે ફાઇન આર્ટ્સના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી કોઈપણ યુ.જી.સી. માન્ય ભારતીય સંસ્થાઓ/કૉલેજમાંથી તમારી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી શકો છો.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઇસ્લામિયા (જે.એમ.આઈ.), નવી દિલ્હી
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૩. સાવિત્રીબાઈફૂલે પુણે યુનિવર્સિટી, (પુણે યુનિવર્સિટી) -
૪. લખનૌ યુનિવર્સિટી, લખનૌ
૫. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી (સી.એસ.જે.એમ.યુ.), કાનપુર
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ.યુ.), વડોદરા
૮. એચએનજીયુ, પાટણ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. મણિપાલ યુનિવર્સિટી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (એલ.પી.યુ.), જલંધર
૩. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૪. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૫. એમિટી યુનિવર્સિટી, મુંબઈ
૬. કોનેરુલક્ષ્મૈયા એજ્યુકેશન ફાઉન્ડેશન કે.એલ. યુનિવર્સિટી, ગુંટુર
૭. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૮. નોઇડા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી, ગ્રેટર નોઇડા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મલ્લિકા સાગર** આધુનિક અને સમકાલીન ભારતીય કલાના નિષ્ણાત છે. તે મુંબઈમાં પંડોલના ઓક્શન હાઉસમાં હરાજી કરનાર છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બી.સી.સી.આઈ.)એ તેમને મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૩ની હરાજી માટે હરાજી કરનાર તરીકે નિયુક્ત કર્યા છે. ફિલાડેલ્ફિયાની બ્રાયન માવર કોલેજમાંથી કલા ઇતિહાસ મુખ્ય વિશય સાથે પૂર્ણ કર્યા પછી, તેણીએ વર્ષ ૨૦૦૧માં ક્રિસ્ટીઝ ખાતે તેમની કારકિર્દીની શરૂઆત કરી, તે ભારતીય મૂળની પ્રથમ મહિલા હરાજી હતી.*

સ્ત્રોત: https://sportstar.thehindu.com/cricket/womens-cricket/mallika-sagar-wpl-auctioneer-womens-premier-league-2023-february-13-mumbai-team-players-list/article66496321.ece

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.